# ગુજરાત યુનિવર્સિટી

નવરંગપુરા, અમદાવાદ-૯.

નં.એકેડેમિક/પ્રવેશ/ /૨૦૧૩ તા.૧૭/૫/૨૦૧૩

પ્રતિ,
તમામ સંલગ્ન વિજ્ઞાન કોલેજોના આચાર્યશ્રીઓ..........

**બાબત :** શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૨૦૧૪ અમદાવાદ ખાતે પ્રથમ વર્ષ વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રથમ સેમીસ્ટરમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અંગેની સૂચનાઓ, માર્ગદર્શક નિયમો, ઇત્યાદી અંગે......

શ્રીમાન/શ્રીમતી,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર આ યુનિવર્સિટી સાથે સંલગ્ન અમદાવાદ તેમજ ગ્રામ્ય વિસ્તાર ખાતેની વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ કોલેજોમાં પ્રથમ સેમેસ્ટર વિજ્ઞાનમાં ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કામગીરીમાં નીચે જણાવેલ સૂચનાઓ-માર્ગદર્શક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી કરવામાં આવે છે.

૧. કોલેજમાં વિધાર્થી/વિધાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે, રેગીંગ જેવા કેસોમાં નામ.સુપ્રીમ કોર્ટ અને યુ.જી.સી.ની ગાઇડ લાઇન મુજબ કાર્યવાહી કરવાનુ રાખશો.અને તેની બાંહેધરી વિધાર્થી પાસેથી પ્રવેશ સમયે લેવાની રાખશો.

૨. અમદાવાદ કેન્દ્ર અને માન્ય કરેલ અન્ય કેન્દ્રો પરથી ધો.-૧૨ વિજ્ઞાનપ્રવાહની માર્ચ-૨૦૧૩ની પરીક્ષામાં પાસ થનાર અનામત અને બિનઅનામત બંને કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશપત્રો આપવાની, પરત સ્વીકારવાની અને મેરીટયાદી મુકવાની વ્યવસ્થા, ગ્રામ્ય અને શહેર વિસ્તારમાં અલગ અલગ તારીખો દર્શાવ્યા પ્રમાણે કરવાની રહેશે. આ તારીખો પહેલાં પ્રવેશની કોઇપણ કાર્યવાહી કરવી નહીં. આનુ ચુસ્ત પાલન કરી એકસૂત્રતા રાખવા વિનંતી છે.

યુનિવર્સિટીના પ્રવેશ અને ફી અંગેના નિયમો દરેક કોલેજે નોટિસબોર્ડ ઉપર (જમ્બો ઝેરોક્ષ) ફરજીયાત મૂકવી.

૩. ઉપર મુજબના કેન્દ્રોના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયા બાદ જગ્યાઓની ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી અમદાવાદમાં થયેલ હોય તેમના પુત્ર-પુત્રીને ગુણવત્તાના ધોરણે જ પ્રવેશમાં અગ્રિમતા આપવી. ઉપરાંત કોલેજ દીઠ ૨ સીટો લશ્કરી અને અર્ધ લશ્કરી દળોના કર્મચારીઓના બાળકો માટે ફાળવવાની રહેશે.

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં આપની કોલેજમાં પ્રથમ વર્ષમાં જેટલા વર્ગો હતા તેમાં યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી વગર વધારો કે ઘટાડો કોઇપણ સંજોગોમાં કરી શકાશે નહી. ઉપરાંત નિયત સંખ્યા પણ લેખિત મંજૂરી સિવાય વધારી શકાશે નહીં. પૂર્વ મંજૂરીની અપેક્ષાએ પ્રવેશ આપવો નહી.

૫. પ્રવેશ આપવાની કામગીરીનું કાર્ય આપેલ કોષ્ટક પ્રમાણે શરૂ કરવું. આપેલ મેરીટની યાદીની નકલ જે તે દિવસે સાંજ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં વાઇસ-ચાન્સેલરશ્રીના કાર્યાલયમાં હાથોહાથ અચુક મોકલવાનું રાખવું. આ બાબત ફરજીયાત ગણવી.

૬. B.Sc.માં CBCS પધ્ધતિ ચાલુ કરેલ છે તેના સંદર્ભમાં આથી દરેક કોલેજને સૂચિત કરવામાં આવે છે કે ૨૦૧૨-૧૩માં વિદ્યાર્થીઓને જે ગ્રુપમાં પ્રવેશ આપ્યો હોય તેજ ગ્રુપમાં ચાલુ વર્ષે પ્રવેશ આપવો.નવુ ગ્રુપ આપી શકાશે નહી કોલેજ દ્વારા હાલમાં ચાલતા મુખ્ય તેમ જ ગૌણ વિષય સિવાયના ગ્રુપ વિદ્યાર્થીઓને આપવાના નથી.

## પ્રવેશ કાર્ય માટેનો કાંયક્રમ

ગ્રામ્ય વિસ્તાર : (અમદાવાદ શહેરમાં સમાવિષ્ટ ન હોય તેવી)

ધોરણ-૧૨ સાયન્સના પરિણામના બીજા દિવસથી ગ્રામ્ય વિસ્તાર એડમીશન કાર્યવાહી વહેલા તે પહેલાના ધોરણે કરવાની રહેશે.

શહેર વિસ્તાર કોલેજોમાં પ્રવેશની કાર્યવાહી નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૩-૬-૧૩ થી ૫-૬-૧૩ | ૧૨-૦૦ કલાક થી ૪-૦૦ કલાક સુધી | પ્રવેશપત્રો આપવા અને સ્વીકારવા |
| ૫-૬-૨૦૧૩ | | પ્રવેશપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ |
| ૮-૬-૧૩ થી ૧૦-૬-૧૩ | | પ્રથમ પ્રવેશયાદી મુકવી અને પ્રવેશકાર્ય શરૂ કરવું અને ફી સ્વીકારવી. |
| ૧૧-૬-૧૩ થી ૧૩-૬-૧૩ | | જરૂર જણાય તો બીજી પ્રવેશયાદી મુકવી અને પ્રવેશકાર્ય કરવું અને ફી સ્વીકારવી. |
| ૧૫-૬-૧૩ | | જરૂર જણાય તો ત્રીજી પ્રવેશયાદી મુકવી અને ફી સ્વીકારવી. |

(પ્રવેશ અરજીપત્રકની કિંમત રૂા.૧૦/- (અંકે રૂપિયા દસ પુરા)થી વધારે લઇ શકાશે નહીં.)

૭. પ્રવેશકાર્ય દરમ્યાન અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ)ના વિદ્યાર્થીઓ કે જેઓ કોલેજમાં પ્રવેશ માટે સંપર્ક સાધે ત્યારે તેમને પ્રવેશ અરજીપત્રક અચુક આપવું, તથા તે માટેની અરજી પણ અચુક સ્વીકારવી.

૮. ઓર્ડિ. ૧૨૦-બીની કંડીકા(૯) મુજબ સામાન્ય કેટેગરીની મેરીટ અનુસાર પ્રવેશ માટે લાયક હોય, તેવા (ઓપન મેરીટમાં આવતા) અનામત કક્ષાના ઉમેદવારોને ઓપન કેટેગરી સાથે તે મુજબ પ્રવેશ આપ્યા બાદ, અનામત વર્ગના વિદ્યાર્થીઓને નીચે દર્શાવેલ ટકાવારી પ્રમાણે પ્રવેશ આપવાનો રહેશે. ઓપન જગ્યાઓ ભરાય ત્યા સુધી અનામત જગ્યાઓ ભરી શકાશે નહીં. તે અંગે યુનિવર્સિટી કાર્યાલયે વખતોવખત પાઠવેલ પરિપત્ર-નિયમો મુજબ અમલ કરવાનું રાખવું. ઓપન કેટેગરીનો પ્રવેશ સમાપ્ત થાય ત્યા સુધી અનામત કવોટા ભરી શકાશે નહીં, પરંતુ અનામત જગ્યાઓ ભરવાની બધી અરજીઓની કાર્યવાહી પૂર્ણ થયા પછી, જે જગ્યાઓ ખાલી રહે, તેના પર મેરીટ યાદીઓ મુજબ યુનિવર્સિટીની મંજૂરી લઇને જ પ્રવેશ આપવનો રહેશે. નીચેની ટકાવારી જગ્યાઓ ઓપન કેટેગરી ભરાય ત્યારબાદ જ ભરવાની રહેશે. અનામત નીતિનો ચુસ્ત અમલ કરવો.

અ. અનુસુચિત જાતિ ૭%

બ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ - ૨૭%

ક. અનુસુચિત જન જાતિ ૧૫%

ડ. વિકલાંગ ૩% (જે તે કેટગરીમાં આવશે.)

ઇ. રીઝર્વ જગ્યાઓ ૪૯%થી વધવી ના જોઇએ.

૯. અનામત વિદ્યાર્થીઓ માટે બી.સી.કાર્ડનો આગ્રહ રાખવો નહીં પરંતુ ઓર્ડિનન્સ મુજબ પ્રવેશ મેળવ્યાના ૧૦ દિવસની અંદર બી.સી. કાર્ડ રજૂ કરે ત્યારે, તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ ફાઇનલ ગણવો, આવા વિદ્યાર્થીઓની પ્રવેશયાદી પ્રવેશ આપ્યાની તારીખથી ૧૦ દિવસ બાદ તુર્તજ યુનિવર્સિટીના એસસી/એસટી સેલને હાથોહાથ મોકલી આપવી, જે અનામત કક્ષાની જગ્યાઓ વણ પુરાયેલી રહે તે યુનિવર્સિટીની લેખિત પૂર્વ મંજૂરી મેળવીને જ, અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓથી મેરીટ પ્રમાણે ભરવામાં આવે. આવી મંજૂરીની અપેક્ષાએ કોલેજે જાતે આપેલ પ્રવેશ માન્ય રાખવામાં આવશે નહીં, એટલે કે યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી વગર અનામત જગ્યાઓ બિનઅનામત જગ્યાઓમાં ફેરવવી નહીં, અન્યથા, યુનિવર્સિટીને દંડનીય કાર્યવાહી કરવાની ફરજ પડશે.

૧૦. વિદ્યાર્થી જ્યારે પ્રવેશ અરજીપત્ર કોલેજમાં જમા કરાવે ત્યારે અરજીપત્રક મળ્યાની સ્લીપ/પહોંચ ટોકન પર અરજી નંબર, તારીખ વગેરે નાખી પહોંચ આપવી. **અરજીપત્ર પર ફોટો ફરજીયાત લેવાનો છે.**

૧૧. ગુણવત્તા યાદી તૈયાર કરતી વખતે એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયેલ વિદ્યાર્થીઓના પ્રયત્ન દીઠ ૧૫ ગુણ કુલ ગુણમાંથી ઓછા કરવાનું રાખવું. અને તે પ્રમાણે મેરીટ યાદીઓ નક્કી કરવી.

૧૨. અરજીપત્રક ભરવાની અંતિમ તારીખ પછી, બોર્ડમાંથી જે વિદ્યાર્થીઓના પરિણામમાં ફેરફાર થયો હોય, તેવા વિદ્યાર્થીઓને કોલેજ પ્રસિદ્ધ કરેલ મેરીટ યાદી મુજબના ગુણ અનુસાર પ્રવેશ આપવાનું રાખવું.

૧૩. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા, અને પ્રથમ પ્રવેશ કાર્ય પુરૂ ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહી, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો અને કોઇની શહેશરમ ના રાખવી, કોઇપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહીં, અન્ય વિજ્ઞાન કોલેજમાં જવા માટે કોઇપણ સંજોગોમાં એન.ઓ.સી. આપવી નહીં.

૧૪. પ્રવેશ કાર્ય શરૂ થયા બાદ વિદ્યાર્થીને ધોરણ-૧૨ અસલ ગુણપત્રક પરત કરતાં પહેલાં તેની પાછળ "પ્રથમ સેમેસ્ટર બી.એસસી."માં પ્રવેશ આપવામાં આવે છે. તે વિગતો સાથેનો કોલેજના આચાર્ય કે આચાર્યે જેઓને અધિકૃત કર્યા હોય, તેમની સહી સાથેનો કોલેજનો સિક્કો ભૂસાઇ ના જાય તે પદ્ધતિએ અચૂક લગાડવો અને સહી કરવી.

૧૫. પ્રવેશ કાર્યમાં પ્રથમવાર પ્રવેશ અપાઇ ગયા બાદ અંદાજીત કેટલા ટકા સુધી બાકી રહેતી સીટો માટે પ્રવેશ મળી શકશે, તેની જાહેરાત પણ જે તે કોલેજે નોટીસબોર્ડ પર કરવી, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ મેડિકલ, એન્જિનીયરીંગ, ફાર્મસી વગેરે જેવા પ્રોફેશનલ કોર્સિસમાં વિજ્ઞાન કોલેજોમાં પ્રવેશ લીધા પછી, આ ફેકલ્ટીના પ્રવેશ જ્યારે શરૂ થાય છે, ત્યારે પ્રવેશ રદ કરાવી વિદ્યાર્થીઓ અન્ય ફેકલ્ટીમાં જાય છે. આવા વિદ્યાર્થીઓને ફરજીયાત મંજૂરી આપવાની છે. પરંતુ પ્રવેશ માટે નક્કી કરેલ વ્યવસ્થાને ચુસ્ત રીતે વળગી રહેવું.

[૧] પ્રથમ સેમેસ્ટરમાં વર્ગદીઠ ૧૫૦ વિદ્યાર્થીઓ રહે તે પ્રોફેશનલ કોલેજોના કટ ઓફ પોઇન્ટ ધ્યાનમાં રાખી વિજ્ઞાનની નીચી ટકાવારી ધરાવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો, પરંતુ ડીવીઝનની સંખ્યા કોઇપણ સંજોગોમાં ના વધે તેની સમગ્ર જવાબદારી કોલેજની રહેશે.આ બાબતનું મોનિટરીંગ કમીટી ચુસ્ત રીતે ધ્યાન રાખશે.

[૨] ચાલુ વર્ષે આવેલા ઉંચા પરિણામને ધ્યાનમાં રાખી જરૂર લાગશે ત્યાં યુનિવર્સિટી વધારાના વિદ્યાર્થીઓની ફાળવણી કરશે.

**૧૬. અન્ય વિજ્ઞાન કોલેજમાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય તેને આપની કોલેજમાં પ્રવેશ આપવો નહીં. (ઓરીજીનલ માર્કશીટ સિવાય કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવો નહીં) આ જવાબદારી આચાર્યશ્રીની છે.**

**૧૭. દરેક કોલેજે સ્પષ્ટ રીતે સુચના મુકવી કે કોલેજમાં ફી ભરીને પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ રદ થઇ શકશે નહીં, કે બીજી વિજ્ઞાન કોલેજમાં પ્રવેશ બદલવા માટે અસલ ગુણપત્રક પરત મળશે નહીં. આ બાબતે યુનિવર્સિટી પર કોઇ વિદ્યાર્થીને મોકલવા નહીં. આનો ચુસ્ત અમલ કરવો.**

૧૮. પ્રોફેશનલ કોલેજના પ્રવેશકાર્ય શરૂ થાય (એન્જીનિયરીંગ, મેડીકલ વગેરે) ત્યારે તેને આપેલ પ્રવેશ રદ કરતી વખતે યુનિવર્સિટીના ઓર્ડિનન્સ અનુસાર ફી રીફન્ડ કરવાની રહેશે.

૧૯. યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર જેઓ પ્રથમ સેમેસ્ટરના અભ્યાસક્રમ માટે પાત્રતા ધરાવતા હોય, તેઓને જ પાત્રતા ચકાસીને પ્રવેશ આપવો, અન્ય યુનિવર્સિટીમાંથી કે બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ, એલીજીબીલીટી સિવાય કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપી શકાશે નહીં.

૨૦. જે મેરીટ યાદી તૈયાર કરો તે નિયત તારીખ/સમયે નોટીસ બોર્ડ પર સવારે જ મુકવાનું રાખવું. જેમાં પ્રવેશ માત્ર વિદ્યાર્થીઓની બાબતમાં નીચેની વિગતો દર્શાવવાનું રાખવું.

| | | | |
|---|---|---|---|
| ૧. | માધ્યમ અંગ્રેજી(ગુજરાતી માત્ર ગ્રામ્ય વિસ્તાર માટે) | ૪. | પ્રાપ્ત ગુણ ક્રમાંક |
| ૨. | ગ્રુપ (વિજ્ઞાન વિદ્યાશાખા માટે) | ૫. | મેરીટ ક્રમ |
| ૩. | અનામત/બિનઅનામત | | |

૨૧. વિદ્યાર્થીનાં એનરોલમેન્ટ ફોર્મ અને પરીક્ષા માટેની વિગતો ગુજરાત યુનિવર્સિટીનો સરક્યુલર આવે, તે મુજબ ચોકસાઇ રાખીને પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થયા પછી સરક્યુલર મુજબ મોકલવવાનાં રહેશે, જે કોલેજ પ્રવેશ આપશે અને વિદ્યાર્થીનું એનરોલમેન્ટ પરીક્ષા ફોર્મ નિયત મર્યાદામાં રજુ નહીં કરી શકે, અથવા ચૂક કરશે તો યુનિવર્સિટી નિયમાનુસાર કાર્યવાહી કરશે.

૨૨. પ્રોવિઝનલ એલિઝીબીટી સર્ટીફીકેટ પ્રવેશ આપ્યો હોય તો તે વિદ્યાર્થીઓ માટે પણ એનરોલમેન્ટ ફોટા સાથેનો પરીક્ષા ફોર્મ ભરવા ફરજીયાત છે. તેની ખાસ નોંધ લેવી.

૨૩. સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનું મોનીટરીંગ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રહેશે.

૧. શ્રી બી.વી.પટેલ -ડીનશ્રી
૨. પ્રિ.બી.કે.જૈન
૩. ડૉ.એચ.એચ.પટેલ
૪. પ્રિ.રૂતેશ શાહ
૫ પ્રિ.અનીતાબેન ધારેખાન
૬. ડૉ.ફાધર રોબટ
૭ ડૉ.વાય.એસ.દલાલ
૮ ડૉ.પી.જે.સોની

.

શ્રી રાજેશભાઇ પટેલ
કા.કુલસચિવ,

**નકલ સાદર રવાના :**

(૧) કા.કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
(૨) પરીક્ષા નિયામકશ્રી, દરેક વિભાગના વડા.
(૩) પ્રકાશન અધિકારીશ્રી, ગુજરાત યુનિવર્સિટી.
(૪) કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,
(૫) તમામ વિજ્ઞાન પ્રવાહની કોલેજોના આચાર્યો - મેનેજીંગ ટ્રસ્ટીશ્રીઓ,
(૬) એનરોલમેન્ટ - એલીજીબીલીટી વિભાગના સેકશન ઓફિસર - હેડ કલાર્કશ્રી,
(૭) ઉચ્ચ શિક્ષણ કમિશ્નશ્રી, ગાંધીનગર.
(૮) ડૉ. બળદેવભાઈ પટેલ - ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી, માઈક્રોબાયોલોજી ભવન, ગુજ. યુનિ., અમદાવાદ-૯.